


સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના બેરણા ભક્તી આરાધના માટે જાણીતુ સ્થળ છે. અહી ૧૫ ફૂટૂ ઉંચી શિવજીની પ્રતિમા આવેલી છે જેની પર ૧૦૦૮ શિવલીંગ પણ આવેલા છે અને જેને લઈને આ પ્રતિમાને શહસ્ત્રલીંગ ધારી શિવજીથી ઓળખવામાં આવે છે. ભક્તો અહી છેલ્લા ૨૦ વર્ષથી સવામણ રૂ માંથી પ્રગટાવેલી દીવેટની જ્યોતમાં ભક્તોએ દિવસભર દર્શનાથીઓએ મહાશિવરાત્રીએ ધી ની આહુતી આપે છે અને આહુતી આપવા સાથે વિશ્વ કલ્યાણની ભગવાન શિવજીની પ્રાર્થના કરે છે અને મહાશિવરાત્રીની ઉજવણી કરતાં હોય છે.

# સાબરકાંઠા - બનાસકાંઠામાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી

## શિવાલયો ઓમ નમઃ શિવાય નાદથી ગુંજી ઉઠ્યા : લોકમેળામાં હજ્જારો લોકો ઉમટ્યા

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં મહાશિવરાત્રીનો પર્વમાં ૧૧૭ વર્ષ પછી ખાસ યોગ હોવાથી શિવરાત્રી પર્વનો ભક્તોમાં બેવડો ઉત્સાહ વર્તાયો હતો. શિવભક્તિમાં ભક્તો લીન બન્યા હતા, જીલ્લાના તમામ શિવાલયોમાં ભગવાન ભોળાનાથના દર્શનાર્થે વહેલી સવારથી ભક્તોની ભીડ ઉમટી હતી. જીલ્લાના શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા. શિવજીને રીઝવવા માટે શિવાલયોમાં બિલ્વપત્ર, દૂધ, ગંગાજળ, મધ અને પંચામૃતથી શિવલિંગ ઉપર અભિષેકથી વિશેષ પૂજામાં શિવભક્તો ભક્તિભાવથી જોડાયા હતા. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ મંદિરમાં ઘી માંથી બનાવેલ શંકરજીની પ્રતિમાએ લોકોમાં અનેરૂ આકર્ષણ પેદા કર્યુ હતું. માલપુરના ભવનાથ મંદિરે, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર અને સાકરીયા ગામમાં સાંકળેશ્વર મહાદેવ મંદિરેથી ભજન કીર્તન સાથે પાલખીમાં બિરાજમાન શિવજીની શોભાયાત્રા નગરમાં ફેરવવામાં આવી હતી. ભિલોડામાં પ્રજાપિતા બ્રહ્મકુમારી દ્વારા મહાશિવરાત્રીની ઉજવણીમાં ભોલેનાથ પાર્ટી પ્લોટમાં ૧૨ જ્યોતિલિંગ પ્રતિકૃતિના દિવ્યદર્શન ખુલ્લા મુકાયા હતા.





વૈરાગ્ય મૂર્તિ છતાં પણ સદાપ્રસન્ન-આનંદ મગ્ન ભભૂતિ, રુદ્રાક્ષ અને ભુજંગનો શણગાર, જટાધારી, મસાણમાં વાસ, ધ્યાનસ્થ હોય ત્યારે મહાયોગી અને નૃત્ય કરે ત્યારે નટરાજ માયાથી પર પણ કુબેરને ભંડારના દેવોના દેવ અને ભક્તોના તારણહાર ભોલેનાથ શિવનો પૃથ્વી પરનો પ્રાગટ્ય દિવસ મહા માસની ૧૩મી તિથિ એટલે મહાશિવરાત્રી પર્વમાં જાણે જીલ્લાના શિવાલયો કૈલાશ બન્યા હોય તેવો આધ્યાત્મિક માહોલ જોવા મળ્યો હતો. જીલ્લાના તમામ શિવાલયો અને દેવાલયો શંખ, ડમરૂ અને હર હર મહાદેવના નાદથી ગૂંજ્યા હતા. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ, ઉમેદપુરના સ્વયંભૂ ખંડુજી મહાદેવ અને શામપુરના કુંઢેરા મહાદેવ ખાતે ભરાતા પરંપરાગત મેળામાં માનવમહેરામણ ઉમટ્યું હતું.

મોડાસા શહેરના માઝુમ નદીના કિનારે આવેલા અતિ પ્રાચીન શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરથી મોડાસા ચૌર્યાસી બ્રાહ્મણ સમાજ એકલિંગીજી મિત્ર મંડળ દ્વારા બપોરે ત્રણ કલાકે ભવ્યાતિભવ્ય ભોળાનાથજી પાલખીની શોભાયાત્રામાં ભગવાન શિવ શહેરમાં ભક્તોને દર્શન આપવા નીકળતા ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માલપુર, સાકરીયા, લીંભોઇ નગરમાં ભગવાન શિવની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી. કેટલાક સ્થળોએ શિવપુરાણ કથા પણ યોજાઈ હતી. રાત્રી દરમિયાન ભજન-કીર્તન સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

## ભિલોડા તાલુકાના શિવાલયો 'બમબમ ભોલે' અને 'ૐ નમઃ શિવાય'ના નાદથી ગુંજ્યા

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકાના શિવાલયો બમબમ ભોલે અને ૐ નમઃ શિવાયના નાદથી ગુંજ્યા હતા.શિવાલયોમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા.નવા ભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા.ભોળા શ્રી શિવશંકર ભગવાનની હેપ્પી બર્થ-ડે સમી મહાશિવરાત્રીના પાવન મહાપર્વ નિમિત્તે શિવાલયોમાં બમ બમ ભોલે અને હર હર મહાદેવનો ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યો હતો.ભિલોડાના નવાભવનાથમાં પરંપરાગત રીતે લોકમેળો ભરાયો હતો.મેળો મહાલવા અને શિવજીના દર્શનાર્થે હજ્જારો ભાવિક ભક્તો ઉમટ્યા હતા.

જુના ભવનાથ, રૂદ્રેશ્વર મહાદેવ (ગઢીયા-પાલ્લા), ખુમાપુર ગામ પાસે આવેલ પતલેશ્વર મહાદેવ મંદીરે પણ ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. હજ્જારો કિલો શક્કરીયા, બટાકા અને રંતાળુનું ફરાળ બનાવી દરેક ભાવિક ભક્તોને મહાપ્રસાદી તરીકે આપવામાં આવેલ હતું. મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ભાવિક ભક્તો ધ્વારા ઠેર-ઠેર શિવાલયોમાં લઘુરૂદ્ર, ભજન સંધ્યાના કાર્યક્રમો યોજાયા હતા.





મહાશિવરાત્રી નિમિત્તે ૐ નમઃ શિવાયના મંત્રોથી ગુંજી ઉઠનારા શિવાલયોમાં શિવપૂજા આરાધના, ભક્તિભાવ પુર્વક ઠેર-ઠેર આયોજન કરાયું હતું.

પવિત્ર પાવન શ્રાવણ મહિનામાં પણ શિવ ઉપાસનાનું ઘણું જ મહત્વ હોય છે પરંતુ શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર ચાર પ્રહરની પુજા મહાશિવરાત્રીના દિવસે કરવાથી શ્રાવણ મહિનામાં કરેલી શિવ ઉપાસના જેટલું જ પુણ્ય ફળ મળે છે. શિવાલયોમાં હર હર મહાદેવની અખંડ ધુન, ભજન, મંત્રોચાર, અભિષેક ભાવિક ભક્તોએ કર્યા હતા.

ભિલોડાના નવાભવનાથના મેળામાં ભાવિક ભક્તો દર્શનાર્થે અને મેળો મ્હાલવા હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા. શિવાલયોમાં હર હર મહાદેવ, ભોળા શંભુ તમારી ધુન લાગી,ૐ નમઃ શિવાયના જયઘોષના નાદ ગુંજતા હતા. ભિલોડા તાલુકાના શિવાલયોમાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવ પુર્વક ઉજવણી યોજાઈ હતી.નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ ટ્રસ્ટ પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો, ગ્રામજનો સહિત સેવાભાવી કાર્યકરોએ મહાશિવરાત્રી નિમિત્તે મેળાના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ડીસામાં સોની કામ કરતો કારીગર અઢી લાખથી વધુનું સોનુ લઈ ફરાર

ડીસા, તા. ૨૧

બનાસકાંઠાના વેપારી મથક ડીસામાં દિન પ્રતિદિન ગુનાખોરીની ઘટનાઓમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ઘરફોડ ચોર-ચિલઝડપ ઉપરાંત છેતરપિંડીની ઘટનાઓને લઈ શહેરીજનોની ઊંઘ હરામ થઈ ગઈ છે. એક પછી એક બનતી ગુનાહિત ઘટનાઓને લઈ પોલીસ પણ ચોંકી ઉઠી છે તેના વધુ એક બનાવમાં ડીસાના શ્રી રામ ચોકમાં એક સોનીની દુકાને કામ કરતો કારીગર લાખોનું સોનુ લઈ રાતોરાત ફરાર થઈ જતા આ મામલે સોની વેપારીએ દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

શહેરના શ્રીરામ ચોકમાં રહેતા અને સોની કામ કરતા કમલકિશોર મંદનલાલ સોનીને ત્યાં કારીગર તરીકે કામ કરતો મુન્નામલિક બજર મલિક (મૂળ રહેવાસી ગુલાબબાગ પૂર્વ વર્ધમાન સીટી પશ્ચિમ બંગાલવાળો) ગત તા. ૧૯-૨-૨૦૨૦ના રોજ દુકાન પર કામ કરતો હતો અને તેઓ ધાનેરા ઉઘરાણી ગયેલ તે દરમિયાન દુકાન ઉપર તેમનો પુત્ર હોઈ તેને 'મારે મકાનનું ભાડું આપવું છે હું અડધો કલાકમાં આવું' તેમ કહી દુકાનથી નીકળી ગયેલ. ત્યારબાદ મોડે સુધી પરત ન ફરતા તેમના દીકરાએ તેને ફોન કરતા તેનો ફોન પણ બન્ધ આવેલ જેથી તેમના પુત્રે જાણ કરતા તેમણે કહેલ કે દુકાનમાં પડેલ સોનુ ચેક કરી લે તેથી તેણે દુકાનમાં પડેલ સોના ચાંદીના દાગીના ચેક કરતા તેમાં તેમના બનાવવા આપેલ દાગીનામાંથી ૬૭ ગ્રામ સોનુ (કિંમત બે લાખ એસી હજાર)નું ગુમ થયેલું હતું, ત્યારબાદ તેઓ તાત્કાલિક ડીસા આવેલ અને કારીગરના ઘરે તપાસ કરતા ત્યાં તાળું મારેલ જે બાદ આસપાસમાં તપાસ કરતા તે મળ્યો ન હતો. આ મામલે સોની મદનલાલે દક્ષિણ પોલીસ મથકે મુન્નામલિક બજરમલિક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર કારીગરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં મહાશિવરાત્રી પર્વને લઈને શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા

પ્રાંતિજ, તા. ૨૧

મહાશિવરાત્રી પર્વને લઈને જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં આવેલ શિવમંદિરોમાં સવારથી જ શીવભકતોની ભીડ જોવાં મળી હતી ને હર હર મહાદેવ, ઓમ નમઃ શિવાયના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. શ્રી માલ્કેશ્વર મહાદેવ દાદાની દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની ધામધૂમથી નગરયાત્રા નિકળી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથી જ શિવમંદિરો શિવભકતોથી ઉભરાયા હતા. સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ પણ શ્રી માલ્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની વર્ષોથી ચાલી આવતી પરંમપરા મુજબ શિવરાત્રીના દિવસે દાદાની નગરયાત્રા નિકળી હતી અને શ્રી માલ્કેશ્વર મહાદેવ મંદિરથી પ્રાંતિજ



બજાર વિસ્તારમાં આવેલ શ્રી હરીહરેશશ્વર મહાદેવ, શ્રી જબરેશ્વર મહાદેવ, શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર સહિત શિવમંદિરોમાં જઈ શિવ ભક્તોના ઘરે-ઘરે દાદાએ પધરામણી કરી હતી. શિવભકતો દ્વારા દાદાની ઘરે પધરામણી કરાવીને આરતી ઉતારીને ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શિવમંદરોમાં ભકતોની ભીડ જોવા મળી હતી અને ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ સહિતના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. શિવ મંદિરોમાં યજ્ઞો સહિતના દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતા.

## ઢુવા ગામની પરણિતાની દહેજ મામલે સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૧

ડીસા તાલુકાના ઢુવા ગામની પરણીતાને દહેજ મામલે સાસરિયા અવારનવાર ત્રાસ આપતા હતા. આ મામલે પીડિતાએ ડીસા તાલુકા પોલીસ મથકે પતિ સહિત સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મૂળ ડીસા તાલુકાના ઢુવા ગામની યુવતી રેખાબેન વદનજી ઠાકોરના લગ્ન પાંચેક વર્ષ અગાઉ પાલનપુરના ડાંગીયા -મડાણા ગામના દિનેશભાઈ ખુમાજી ઠાકોર સાથે સામાજિક રીત રિવાજ મુજબ થયેલ. લગ્ન જીવન બાદ એક પુત્ર પણ થયેલ ત્યારબાદ તેના પતિ દ્વારા 'તું મને ગમતી નથી' તેમ કહી અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. ગત તા. ૨૯-૧૧-૧૯ના રોજ તેના પતિ દિનેશભાઈ રેખાબેનને 'તુંમને ગમતી નથી મારે બીજા લગ્ન કરવા છે' તેમ કહી ગડદાપાટુનો માર મારવા લાગેલ, તે દરમિયાન તેણીના સાસુ સસરા પણ કહેવા લાગેલ કે તારો બાપ ભિખારી છે તને કશુ આપ્યું નથી તેમ કહી મેણા ટોણા મારેલ.

## પ્રાંતિજ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહાશિવરાત્રિ પર્વને લઈને દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ૨૫મો લઘુરૂદ્ર યોજાયો.

પ્રાંતિજ તપોધન ફરી ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ મહાશિવરાત્રી પર્વને લઈને લધુરૂદ્રનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ વર્ષે ૨૫મો લધુરૂદ્ર યજ્ઞ યોજાયો હતો જેમાં પ્રાંતિજ ખાતે રહેતા સમગ્ર રાવલ સમાજ પ્રાંતિજ વતી યજ્ઞમાં મુકુંન્દ્રભાઈ શંકરભાઈ રાવલે હવનનો લાભ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ વ્યવસ્થા કમીટીના ભુપેન્દ્રભાઈ રાવલ, કૌશિકભાઈ રાવલ, રવિભાઈ રાવલ, જગદીશભાઈ રાવલ તથા તેમની ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. રાવલ સમાજના ભાઈઓ બહેનો શ્રી કાશી વિશ્વાનાથ મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દાદાના દર્શન કરી યજ્ઞનો



લાભ લઈ આરતીનો લાભ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પ્રાંતિજ તપોધન ફરી આજુબાજુ માં રહેતાં અન્ય સમાજના લોકોએ પણ દાદાના દર્શનનો લાભ લીધો હતો. વ્યવસ્થા કમિટી દ્વારા આ વર્ષે ૨૫મો લધુરૂદ્ર યજ્ઞને લઈને બ્રહ્મ ફરાળી ભોજનનું આયોજન પણ વ્યવસ્થા કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ ખાતે રહેતા તપોધન બ્રાહ્મણ રાવલ સમાજના ભાઈઓ બહેનોએ બ્રહ્મ ફરાળી ભોજન લઈને ધન્યતા અનુભવી હતી. શ્રી કાશી વિશ્વનાથ મહાદેવદાદાનું ભવ્ય મંદિરનું પણ નિર્માણ મંદિરના મુખ્ય દાંતા સુનીલભાઈ રવિશંકર દ્વારા થઈ રહ્યું છે તો મંદિરની બાજુમાં રાવલ સમાજના હોલનું પણ નિર્માણ થઈ રહ્યું છે જે આવતી મહા શિવરાત્રી સુધીમાં પૂર્ણ થઈ જશે.

## આંબલિયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળ દ્વારા જીતપુરમાં યોજાયેલ તૃતીય સમૂહ લગ્નોત્સવ સંપન્ન

### સમૂહલગ્નો રૂઢિગત પરંપરાઓને તિલાંજલિ આપી નવી કેડી કંડારવાના અવસર સમાન છે : મહંત ગણેશદાસજી મહારાજ

આંબલિયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળના નેજા હેઠળ આંબલિયારા પરગણા સમસ્ત રબારી સમાજનો તૃતીય સમૂહ લગ્નોત્સવ બાયડ તાલુકાના જીતપુર ગામે યોજાયો હતો. આ



સમુહ લગ્નોત્સમાં ડગ માંડનાર ૧૧ નવયુગલોને ઝાક વડવાળા મંદિરના મહંત શ્રી ગણેશદાસજી મહારાજ, પેટલીધામના મહંત શ્રી માનસરોવરદાસજી બાપુએ સુભાષિશ સાથે સુખી સમૃદ્ધ દામ્પત્ય જીવનની શુભકામનાઓ અર્પી હતી. નવ વધૂઓને દાતાઓના સહયોગથી સોના-ચાંદી સહિતની ૩૦ જેટલી વસ્તુઓની ભેટ સોગાદ આપવામાં આવી હતી.

પ.પૂ. ૧૦૮ મહંત શ્રી ગણેશદાસજી મહારાજે સમૂહ લગ્ન પ્રથાને સંપન્ન વર્ગોની પણ સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે ત્યારે રબારી સમાજે સખી દાતાઓ અને સમાજના સહયોગથી યોજાયેલ સમૂહલગ્ન પરંપરા રબારી સમાજને સમાજ સુધારા તરફ ચોક્કસ લઈ જશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગણેશદાસજીએ રબારી સમાજમાં મહત્તમ દિકરીઓ શિક્ષણ લેતી થાય એટલું જ નહીં સમાજના યુવક-યુવતિઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા સમૂચિત પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

ગણેશદાસજી મહારાજે જણાવ્યું કે, આંબલિયારા પરગણાના રબારી સમાજના યુવાનો દ્વારા સુસંસ્કૃત અને ક્રાંતિકારી વિચારો સાથે સમાજ રચનાને જોડવાનો સાદગી અને સહકારભર્યો અભિગમ એટલે સમૂહ લગ્ન સમાજમાં થતાં સમૂહ લગ્નોનું આયોજન રૂઢિગત પરંપરાઓને તિલાંજલિ આપી નવી કેડી કંડારવાના અવસર સમાન છે. આંબલિયારા પરગણા રબારી સમાજ દ્વારા શરૂ કરાયેલ આ નવતર પહેલને તેમણે બિરદાવી નવયુગલોને સુખ, શાંતિ અને સમૃધ્ધિના આર્શિવાદ સાથે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.